પરીપત્ર નં. 381

ક્રમાંકઃમાધ્ય/મ-2/23-24
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
એ-વિંગ, રૂમ નં. 107 થી 111,
બહુમાળી ભવન, અમરેલી
તા. 19-05-2023

પ્રતિ,
આચાર્યશ્રી
આ જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત, અને ખાનગી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
જી. અમરેલી

વિષયઃ- શાળાના જનરલ રજીસ્ટરમાં સુધારો કરવા બાબત બાબત

સંદર્ભઃ-
1. સમાજ કલ્યાણ વિભાગ- ગાંધીનગરના તા. 5/9/98ના પરિપત્ર નં. અજન/1093/મુ.મં/60/હ
2. સમાજ કલ્યાણ વિભાગ-ગાંધીનગરના તા.13/10/98ના પરિપત્ર નં. પરચ/1092/372/હ
3. સમાજ કલ્યાણ વિભાગ – ગાંધીનગરના તા.12/1/99ના પરિપત્ર નં. એસસીડબ્લ્યુ/1090/1469/હ
4. સમાજ કલ્યાણ વિભાગ-ગાંધીનુગરના તા.18/10/16ના પરિપત્ર નં. અહલ/122016/450956/હ
5. સમાજ કલ્યાણ વિભાગ – ગાંધીનગરના તા. 10/02/17ના પરિપત્ર નં. અહલ/122013/714308/હ

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અનુભવે જણાઈ આવેલ છે કે શાળાઓ દ્વારા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના બાળકોના શાળા છોડયાના પ્રમાણપત્ર કાઢવામાં આવે છે ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જાતિ/પેટા જાતિમાં અનુસુચિત માટેના પ્રતિબંધિત શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે આ શબ્દોનો ઉપયોગ ન કરવા સરકારશ્રી દ્વારા ઠરાવ/પરિપત્ર કરીને સુચના આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે જેની જી.આરમાં આપની કક્ષાએથી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભિત પત્ર -1 માં જણાવ્યા મુજબ "ભંગી" શબ્દનના સ્થાને તેનો પર્યાય શબ્દ "રૂખી" અગરતો "વાલ્મિકી" શબ્દો પ્રયોજવો

સંદર્ભિત પત્ર-2 માં જણાવ્યા મુજબ "બાવા ઢેડ" જાતિનો પર્યાય શબ્દ "હરિજન બાવા" અને "ઢેડ સાધુ" જાતિના પર્યાય શબ્દ "વણકર સાધુ" શબ્દો પ્રયોજવો

સંદર્ભિત પત્ર-3 માં જણાવ્યા મુજબ "હરિજન" શબ્દના સ્થાને "અનુસૂચિત જાતિ" અને "ગિરિજન" શબ્દનાં સ્થાને "અનુસૂચિત જનજાતિ" શબ્દો પ્રયોજવો

સંદર્ભિત પત્ર- 4 માં જણાવ્યા મુજબ "ચમાર" શબ્દના સ્થાને "રોહિત" શબ્દો પ્રયોજવા

સંદર્ભિત પત્ર – 5માં જણાવ્યા મુજબ "ગૅરો, ગરોડા" શબ્દના સ્થાને "ગુરૂ બ્રાહ્મણ અનુસૂચિત જાતિ" શબ્દ પ્રયોજવો

વધુમાં સંદર્ભિત પત્ર-2 માં "બાવા ઢેડ" જાતિનો પર્યાય શબ્દ "હરિજન બાવા" શબ્દ પ્રયોજવા જણાવેલ છે પરંતુ સંદર્ભિત પત્ર -3 માં "હરિજન" શબ્દના સ્થાને "અનુસૂચિત" શબ્દ પ્રયોજવો

ઉક્ત સરકારશ્રીના પરીપત્રોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

નકલ રવાના

ઈ.આઈ./એ.ઈ.આઈ.શ્રી સદર કચેરી (ઈન્સ્પેકશન દરમ્યાન ઉક્ત વિગતોની ચકાસણી કરવા સારૂ)